॥ શ્રી ॥

શ્રી રામચંદ્રદેવકી જય.

श्री रामरक्षा स्तोत्र सार्थ गुजराती,

અને

श्री नर्मदाष्टक.

વિદ્વાનદ્વારા શુદ્ધ કરાવી,
છપાવી પ્રસિદ્ધ કરનાર,
બાવા રામદાસજી ગુરૂશ્રીગોકુળદાસજી.

(રણછોડ પુસ્તકાલય) ડાકોર.

પ્રથમાવૃત્તિ ૪૦૦૦.

શ્રી સત્યનારાયણ પ્રીંટીંગ પ્રેસ—અમદાવાદ.

છાપવા છપાવવાનો હક્ક પ્રસિદ્ધ કર્ત્તાનો છે.

સંવત ૧૯૬૫ વૈશાખી પોર્ણમાશી.

કીંમત અરધો આનો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૨૬૯૩

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૫૮-૩ वर्गांक

पुस्तकनुं नाम રામરક્ષા સ્તોત્ર

विषय પર : ૪૩૪૬

॥ અથ સાર્થ ગુજરાતી શ્રીરામ રક્ષા સ્તોત્ર પ્રારંભઃ ॥

॥ શ્રી રામરક્ષા સ્વરૂપ ॥

अस्य श्रीरामरक्षास्तोत्रमन्त्रस्य बुधकौशिक ऋषिः ॥ श्रीसीतारामचन्द्रो देवता ॥ अनुष्टुप्छन्दः ॥ सीता शक्तिः ॥ श्रीमद्धनुमान् कीलकम् ॥ श्रीरामचन्द्रप्रीत्यर्थे रामरक्षास्तोत्रजपे विनियोगः ॥ अथ ध्यानम् ॥ ध्यायेदाजानुबाहुं धृतसरधनुषंबद्धपद्मासनस्थं, पीतं वासो वसानं नवकमलदलस्पर्द्धिनेत्रंप्रसन्नम् ॥ वामाङ्कारूढसीतामुखकमलमिलल्लोचनं नीरदाभम्, नानालंकारदीप्तं दधतमुरुजटामण्डनं रामचन्द्रम् ॥ १ ॥ इति ध्यानम् ॥

આ "**શ્રી રામરક્ષા**" સ્તોત્રરૂપ મંત્રના* દ્રષ્ટા પંડિત **કૌશિક** ઋષિ છે. શ્રી સીતાસહિત રામચંદ્ર એ દૈવત છે. અનુષ્ટુપ્ છંદ છે, **સીતા** એ શક્તિ છે. શ્રીમાન્ હનુમાન્ એ કીલક છે. શ્રી રામચંદ્ર પરમાત્માની પ્રીતિને અર્થે આ "**શ્રી રામરક્ષા**" સ્તોત્રનો જપમાં વિનિયોગ છે.

અથ ધ્યાન.

જેના હાથ ગોઠણ સૂધી લાંબા છે, હાથમાં જેમણે ધનુષ અને બાણ ધારણ કર્યાં છે, બદ્ધપદ્માસન વાળી જે બેઠા છે, પીતાંબર જેમણે પહેર્યાં છે, નવા કમળપત્ર સાથે સ્પર્ધા કરે એવાં સુંદર જેમનાં નેત્રો છે, જે સદા પ્રસન્ન રહે છે, ડાબી કોરે ખોળામાં બિરાજતા **શ્રી સીતા**ના મુખકમળ ઉપર જેનાં નેત્રોની કટાક્ષ થાય છે, મેઘના સરખી શ્યામ જેમની કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જેઓ દેદીપ્યમાન્ છે, જેમણે ઉરુ સૂધીની લાંબી જટાનો સમૂહ ધારણ કર્યો છે, એવા **શ્રી રામચંદ્રનું** ધ્યાન ધરવું, અને ત્યાર પછી આ સ્તોત્રનો જપ કરવો.

* મંત્ર માત્રના જોનાર **ઋષિ**, તેનું દૈવત **દેવ**, તે મંત્રને ગાવાનો **છંદ**, તે મંત્રનું સામર્થ્યદર્શક **શક્તિ**, તે મંત્રરૂપ ભંડાર (તિજોરી) ને ખોલવાને **કીલક** (કુંચી), અને તેનો વિનિયોગ (ઉપયોગ) એ મંત્ર શાસ્ત્રમાં દર્શાવેલાં હોય છે, તેમ આ ઠેકાણે પણ દેખડાવ્યાં છે. આ સ્તોત્રનો પ્રથમ અનુભવ પંડિત કૌશિક (વિશ્વામિત્ર) ઋષિને મળ્યો છે. આને યથાર્થ જપવાથી, શ્રી રામચંદ્રજીના જેવો પ્રેમ **શ્રી સીતા**માં હતો, તેવોજ ભક્તમાં જોડાય છે. આનો જપ કેમ કરવો તેનો રસ્તો શ્રી હનુમાન્ દેખડાવે છે, મતલબ કે જેવી રીતે અનન્યભાવે **શ્રી હનુમાન**જી શ્રી રામચંદ્રને ભજતા હતા, તે રીતે ભજન કરવું જોઇએ. ભજનના આરંભમાં ઇષ્ટ દેવનું ધ્યાન ધરવું જોઇએ, તે ઉપરના શ્લોકમાં બતાવ્યું છે.

॥ श्री रामरक्षा प्रारभ्यते ॥

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरम् ॥
एकैकमक्षरं पुंसां महापातकनाशनम् ॥ १ ॥

શ્રી રામચંદ્રનું ચરિત્ર (રામાયણ) શતકોટિ[1] (સો કરોડ)ના વિસ્તારવાળું છે, અને તેનો એકેક અક્ષર પુરૂષોનાં મોટાં પાપોનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. ॥ ૧. ॥

ध्यात्वा नीलोत्पलश्यामं रामं राजीवलोचनम् ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितम् ॥ २ ॥
सासितूणधनुर्बाणपाणिं नक्तंचरान्तकम् ॥
स्वलीलया जगत्त्रातुमाविर्भूतमजं विभुम् ॥ ३ ॥
रामरक्षां पठेत्प्राज्ञः पापघ्नीं सर्वकामदाम् ॥

પ્રાજ્ઞ (પંડિત) પુરૂષે, નીલોત્પલ જેવા શ્યામ સ્વરૂપવાળા, કમળ જેવાં નેત્રવાળા, **શ્રીજાનકી** તથા **લક્ષ્મણ** સહવર્તમાન, જટા રૂપ મુગટથી શોભિતા, જેમના હાથમાં તરવારસહિત ભાલા તથા ધનુષ અને બાણ છે એવા, રાક્ષસોનો

---

૧ સો કરોડ એટલે એક અબ્જ અનુષ્ટુપ્ શ્લોક જેટલા વિસ્તારનું રામાયણ છે. બીજે અર્થે **અબ્જ** એટલે **કમળ;** શ્રી નારાયણના **નાભિકમળ**થી બ્રહ્મા પ્રકટયા, તેમણે આ વિશ્વ સરજ્યું, **તે સર્વ એ** મૂળ કમળનોજ વિસ્તાર છે. જે જે અક્ષરો છે, તે સર્વ પરમાત્મા

નાશ કરનાર, અજન્મા, સર્વ સમર્થ અને પોતાની લીલા માટે તથા જગતના રક્ષણ માટે પ્રકટ થએલા એવા **શ્રીરામચંદ્ર-જીનું** ધ્યાન ધરીને, પછી પાપનાશક તથા સર્વ મનોરથપૂરક એવી આ “રામરક્ષા” નો પાઠ કરવો. ૨–૩

शिरो मे राघवः पातु भालं दशरथात्मजः ॥ ४ ॥
कौसल्येयो दृशौ पातु विश्वामित्रप्रियः श्रुती ॥
घ्राणं पातु मखत्राता मुखं सौमित्रिवत्सलः ॥ ५ ॥

રાઘવ (રઘુવંશમાં પ્રકટેલા) મારા માથાની અને દશરથ રાજાના પુત્ર મારા કપાળની રક્ષા કરો. **કૌશલ્યાના** પુત્ર મારી આંખોની અને **વિશ્વામિત્રના** પ્યારા મારા કાનની રક્ષા કરો. યજ્ઞરક્ષક મારા નાકનું અને સુમિત્રાના પુત્ર શ્રી લક્ષ્મણ તથા શત્રુઘ્ન ઉપર વાત્સલ્યભાવ રાખનાર મારા મુખની રક્ષા કરો. ૪,૫.

जिह्वां विद्यानिधिः पातु कण्ठं भरतवन्दितः ॥
स्कन्धौ दिव्यायुधः पातु भुजौ भग्नेशकार्मुकः ॥ ६ ॥

વિદ્યાના ભંડાર મારી જીભની અને **ભરતજીએ** જેમને વંદન કર્યું છે એવા મારા ગળાની રક્ષા કરો. દેવતાઈ હથિયા-

વાચક છે, માટે તેમાં રહેલો પરમાત્મવાચક અર્થ સમજીને જો પાઠ કરવામાં આવે, તો તેથી મહાપાતકનું નિવારણ થાયજ. કેમકે **શ્રી રામ** નામમાં પાપને બાળવાની એવી તો અચિંત્ય શક્તિ છે કે, તેટલું મોટું પાપ કરવાની શક્તિ કોઇપણ મનુષ્ય ધરાવતોજ નથી.

રને ધરનાર મારા ખભાની અને શ્રીશિવજીના ધનુષ્ય (૧પિનાક) ને ભાંગનાર મારા ભુજની રક્ષા કરો. ૬.

करौ सीतापतिः पातु हृदयं जामदग्न्यजित् ॥
मध्यं पातु खरध्वंसी नाभिं जाम्बवदाश्रयः ॥७॥

શ્રીસીતાનાપતિ મારા *કરની અને જમદગ્નિના પુત્ર શ્રીપરશુરામને જીતનાર મારા હૃદયની રક્ષા કરો. ખરદૈત્યને મારનાર મારા મધ્યની અને જાંબુવાનના શરણુસ્થાન મારી નાભિ (ડુંટી)ની રક્ષા કરો. ॥૭॥

सुग्रीवेशः कटी पातु सक्थिनी हनुमत्प्रभुः ॥
ऊरु रघूत्तमः पातु रक्षःकुलविनाशकृत् ॥ ८ ॥

સુગ્રીવ વાનરના ઈશ મારી કેડની, અને હનુમાન્‌ના પ્રભુ મારી સાથળની રક્ષા કરો. રઘુકુળમાં ઉત્તમ અને રાક્ષસના કુલનો નાશ કરનાર મારા ઊરૂની રક્ષા કરો. ॥ ૮ ॥

जानुनी सेतुकृत्पातु जङ्घे दशमुखान्तकः ॥
पादौ विभीषणश्रीदः पातु रामोऽखिलं वपुः ॥ ९ ॥

સમુદ્રપર સેતુ (પૂલ) બાંધનાર મારા ગોઠણુની અને દશ મુખ (રાવણુ) નો નાશ કરનાર મારી જાંઘની રક્ષા કરો.

---

૧ શ્રીશિવનું પિનાક, શ્રીવિષ્ણુનું શારંગ અને અર્જુનનું ગાંડિવ એ બધા મળી ૩ ધનુષ્ સુપ્રસિદ્ધ છે. *ખભાથી કોણી સુધીના હાથને **ભુજ** અને કોણીથી નીચેના હાથને **કર** કહે છે.

વિભીષણને શ્રી (રાજ્યરૂપી લક્ષ્મી) આપનાર મારા બે પગોની અને શ્રીમદ્રામચંદ્ર મારા સંપૂર્ણ શરીરની રક્ષા કરો. ૯

एतां रामबलोपेतां रक्षां यः सुकृती पठेत् ॥
स चिरायुः सुखी पुत्री विजयी विनयी भवेत् ॥ १० ॥

જે સુકૃતી (પુણ્યશાલી) આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે, તે લાંબા આયુષ્યવાળો, સુખી, પુત્રવાન્, વિજય મેળવનાર તથા નમ્રતાવાળો થાય છે. ॥ ૧૦ ॥

पातालभूतलव्योमचारिणश्छद्मचारिणः ॥
न द्रष्टुमपि शक्तास्ते रक्षितं रामनामभिः ॥ ११ ॥

શ્રી રામચંદ્રજીનાં જુદાં જુદાં નામોથી જેની રક્ષા થઇ છે, તેના સામે આંખ કાઢવાને પાતાલ (વાસી નાગો) ભૂતલ (પૃથ્વીપર રહેનાર પ્રાણીઓ), તથા વ્યોમ (આકાશ)માં ફરનારા ગુપ્ત વેશધારી દેવ દૈત્યો પણ સમર્થ થતા નથી. ૧૧.

रामेति रामभद्रेति रामचन्द्रेति वा स्मरन् ॥
नरो न लिप्यते पापैर्भुक्तिं मुक्तिं च विन्दति ॥ १२ ॥

રામ, રામભદ્ર અથવા **રામચંદ્ર** એ નામોથી જે ભગવાનનું સ્મરણ કરે છે, તે માણસ પાપથી લેપાતો નથી એટલુંજ નહિ પણ ભોગ તથા મોક્ષને પામે છે. ॥૧૨॥

जगज्जैत्रैकमन्त्रेण रामनाम्नाभिरक्षितम् ॥
यः कण्ठे धारयेत्तस्य करस्थाः सर्वसिद्धयः ॥ १३ ॥

જગતને જીતનાર એવા રામના નામરૂપ એક મંત્રવડે જેમાં રક્ષા કરવામાં આવી છે એવું આ સ્તોત્ર જે પાઠે રાખે છે, તેના હાથમાં સર્વસિદ્ધિયો આપોઆપ આવી મળે છે. ૧૩

वज्रपञ्जरनामेदं यो रामकवचं स्मरेत् ॥
अव्याहताज्ञः सर्वत्र लभते जयमङ्गलम् ॥ १४ ॥

વજ્રપંજર નામક આ રામકવચને જે સંભારે છે, તે નિર્ભય, જ્ઞાનવાન્ થઇ સર્વત્ર વિજય તથા શ્રેયને મેળવે છે. ૧૪

आदिष्टवान् यथा स्वप्ने रामरक्षामिमां हरः ॥
तथा लिखितवान् प्रातः प्रबुद्धो बुधकौशिकः ॥ १५ ॥

શ્રી હર (મહાદેવજી) એ સ્વપ્નમાં આવીને જે પ્રમાણે આ (**રામરક્ષા**) કહી; તેજ પ્રમાણે સવારે જાગતાંવેત પંડિત કૌશિક (વિશ્વામિત્રઋષિ) એ તે લખી લીધી છે. ૧૫.

आरामः कल्पवृक्षाणां विरामः सकलापदाम् ॥
अभिरामस्त्रिलोकानां रामः श्रीमान्स नः प्रभुः ॥ १६ ॥

સર્વકલ્પવૃક્ષોના આરામ (બગીચા) રૂપ, સઘળી આપત્તિયોને હરનાર, તથા સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ ત્રણે લોકને આનંદ આપનાર શ્રીમાન્ **રામચંદ્ર** અમારા પ્રભુ (ઈશ્વર) છે. ૧૬.

तरुणौ रूपसम्पन्नौ सुकुमारौ महाबलौ ॥
पुण्डरीकविशालाक्षौ चीरकृष्णाजिनाम्बरौ ॥ १७ ॥
फलमूलाशिनौ दान्तौ तापसौ ब्रह्मचारिणौ ॥
पुत्रौ दशरथस्यैतौ भ्रातरौ रामलक्ष्मणौ ॥ १८ ॥

બે જુવાનો, સ્વરૂપવાનો, સુકોમળ અંગવાળા, મહાબળવાન્, કમળસરખાં વિશાળ નેત્રવાળા, કાળિયાર મૃગના ચામડાનાં વસ્ત્ર ધરનારા, ફળ મૂળનો આહાર કરનારા, ઈંદ્રિયોનો નિગ્રહ કરનારા, તપસ્વી, બ્રહ્મચારી એવા શ્રીમાન્ **દશરથ** રાજાના બે પુત્રો **શ્રી રામ** અને **લક્ષ્મણ** ૧૭,૧૮

शरण्यौ सर्वसत्त्वानां श्रेष्ठौ सर्वधनुष्मताम् ॥
रक्षःकुलनिहन्तारौ त्रायेतां नो रघूत्तमौ ॥ १९ ॥

જે સર્વ પ્રાણીઓને શરણે જવા યોગ્ય, સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ, રાક્ષસોના કુળનું નિકંદન કરનારા **રઘુવંશના** એ બે ઉત્તમ પુરુષો અમારી રક્ષા કરો. ॥૧૯॥

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षयाशुगनिषङ्गसङ्गिनौ ॥
रक्षणायममरामलक्ष्मणावग्रतःपथिसदैवगच्छताम्॥२०॥

ઉઠાવીને સજ્જ કરેલા ધનુષ્યવાળા, બાણોનો સ્પર્શ કરનારા, અખુટ બાણો જેમાં ભર્યા છે એવા ભાથા જેમની સાથે છે એવા **શ્રી રામ લક્ષ્મણ** મારા રક્ષણ માટે સદૈવ મારા માર્ગમાં આગળ વધજો. ॥૨૦॥

सन्नद्धः कवची खड्गी चापबाणधरो युवा ॥
गच्छन्मनोरथोऽस्माकं रामः पातु सलक्ष्मणः ॥ २१ ॥

કવચ (બખ્તર) પહેરી તૈયાર થએલા, તરવારધારી, ધનુષ બાણુને ધરનારા, જુવાન, શ્રી લક્ષ્મણજીને સાથે લઇને ચાલતા **શ્રી રામચંદ્ર** અમારા મનોરથોને પૂર્ણ કરો. ૨૧.

रामो दाशरथिः शूरो लक्ष्मणानुचरो बली ॥
काकुत्स्थः पुरुषः पूर्णः कौशल्येयो रघूत्तमः ॥ २२ ॥

દશરથ રાજાના પુત્ર, શૂરવીર, **લક્ષ્મણ** જેમની પાછળ ચાલે છે એવા, બળવાન્, સૂર્યવંશી, પૂર્ણપુરૂષોત્તમ, કૌશલ્યાના કુમાર, રઘુકુળમાં ઉત્તમ શ્રી રામ. ॥૨૨॥

वेदान्तवेद्यो यज्ञेशः पुराणपुरुषोत्तमः ॥
जानकीवल्लभः श्रीमानप्रमेयपराक्रमः ॥ २३ ॥

વેદાંત (ઉપનિષદો) થી જાણી શકાય એવા, યજ્ઞના ઇશ્વર (ભોક્તા), પુરાણપુરૂષોમાં ઉત્તમ, શ્રી સીતાના પ્રાણ પ્યારા, સૌંદર્યવાળા, જેનું પરાક્રમ અગોચર છે એવા. ॥૨૩॥

इत्येतानि जपेन्नित्यं मद्भक्तः श्रद्धयान्वितः ॥
अश्वमेधाधिकं पुण्यं संप्राप्नोति न संशयः ॥ २४ ॥

એ પ્રમાણે સમજીને મારો ભક્ત શ્રદ્ધાપૂર્વક આનો જપ નિરંતર કરે, તેને નિઃસંદેહ **અશ્વમેધ** યજ્ઞ કરતાં **અધિક પુણ્ય મળે છે.** ॥૨૪॥

रामं दूर्वादलश्यामं पद्माक्षं पीतवाससम् ॥
स्तुवन्ति नामभिर्दिव्यैर्न ते संसारिणो नराः ॥ २५ ॥

દૂર્વાના પાંદડા જેવા શ્યામવર્ણવાળા, કમલલોચન, પીતાંબરધારી **શ્રી રામચંદ્ર**ની જેઓ દિવ્ય નામોથી સ્તુતિ કરે છે, તેઓ સંસારી નરો નથી. અર્થાત્ અહંતા મમતારૂપી ભવસાગરમાં ડૂબતા નથી. ॥૨૫॥

रामं लक्ष्मणपूर्वजं रघुवरं सीतापतिं सुन्दरं
काकुत्स्थं करुणार्णवं गुणनिधिं विप्रप्रियं धार्मिकम् ॥
राजेन्द्रं सत्यसंधं दशरथतनयं श्यामलं शान्तमूर्तिम्
वन्दे लोकाभिरामं रघुकुलतिलकं राघवं रावणारिम् ॥२६॥

શ્રી લક્ષ્મણજીના મોટા ભાઈ, રઘુવંશમાં શ્રેષ્ઠ, જાનકીનાથ, સુંદર, સૂર્યવંશોત્પન્ન, કૃપાના સમુદ્ર, ગુણના ભંડાર, ધાર્મિક બ્રાહ્મણો છે પ્રિય જેમને એવા, રાજાઓમાં ઈંદ્ર, સત્યના સમુદાય, દશરથના તનુજ, શ્યામ, શાંતમૂર્તિ, લોકોને આનંદ દેનાર, રઘુકુળમાં તિલક, રઘુવંશી, રાવણના શત્રુ એવા **શ્રીરામચંદ્ર**ને હું વંદન કરૂં છું. ॥૨૬॥

रामाय रामभद्राय रामचन्द्राय वेधसे ॥
रघुनाथाय नाथाय सीतायाः पतये नमः ॥ २७ ॥

રામ, રામભદ્ર, રામચંદ્ર, વિધાતારૂપ શ્રીવિષ્ણુ, રઘુકુળના નાયક, સીતાના પતિ; શ્રીનાથ **રામચંદ્ર**ને પ્રણામ. ॥૨૭॥

श्रीराम राम रघुनंदन राम राम
श्रीराम राम भरताग्रज राम राम ॥
श्रीराम राम रणकर्कश राम राम
श્रीराम राम शरणं भव राम राम ॥ २८ ॥

હે શ્રી રામ! રામ! રઘુનંદન! રામ રામ! શ્રીરામ! રામ! ભરતાગ્રજ (ભરતના મોટાભાઈ)! રામ! રામ! શ્રીરામ! રામ! રણકર્કશ (યુદ્ધમાં અડગ) રામ! રામ! શ્રીરામ! રામ! રામ! રામ! મારૂં શરણ થાઓ. ॥ ૨૮ ॥

श्रीरामचन्द्रचरणौ मनसा स्मरामि
श्रीरामचन्द्रचरणौ वचसा गृणामि ॥
श्रीरामचन्द्रचरणौ शिरसा नमामि
श्रीरामचन्द्रचरणौ शरणं प्रपद्ये ॥ २९ ॥

શ્રી રામચંદ્રના ચરણોને હું **મનથી** સંભારૂં છું, શ્રી રામચંદ્રના ચરણો હું વાણીથી ઉચ્ચારૂં છું, શ્રી રામચંદ્રના ચરણોમાં હું સાષ્ટાંગ[1] દંડવત કરૂં છું. શ્રી રામચંદ્રના

---

१ शिरसा उरसा दृष्ट्या मनसा वचसा तथा ।
पद्भ्यां कराभ्यां जानुभ्यां प्रणामोऽष्टांग उच्यते ॥

મસ્તક, છાતી, દૃષ્ટિ, મન, વચન, ચરણ, હાથો, અને ગોઠણ એ આઠ અંગથી પ્રણામ તે સાષ્ટાંગ કહેવાય છે.

ચરણોનું હું શરણ ધરૂં છું. ॥ ૨૯ ॥

माता रामो मत्पिता रामचन्द्रः
स्वामी रामो मत्सखा रामचन्द्रः ॥
सर्वस्वं मे रामचन्द्रो दयालु-
र्नान्यं जाने नैव जाने न जाने ॥ ३० ॥

મારી માતા (પોષક) **રામ** છે, મારા પિતા(ભયટાલક) **રામચંદ્ર** છે. મારા **સ્વામી** (નિયામક) **રામ** છે, મારા સખા (હિતકર્ત્તા દોસ્ત) રામચંદ્ર છે. મતલબ કે મારૂં સર્વસ્વ દયાળુ **રામચંદ્રજ** છે. બીજાને હું જાણતો નથી, જાણતો નથી અને ઓળખતો પણ નથી[1] ॥ ૩૦ ॥

दक्षिणे लक्ष्मणो यस्य वामे च जनकात्मजा ॥
पुरतो मारुतिर्यस्य तं वन्दे रघुनन्दनम् ॥ ३१ ॥

જેમની જમણી કોરે **શ્રી લક્ષ્મણ** છે, ડાબે પડખે **શ્રી** જાનકીજી છે, તેની આગળ શ્રી **હનુમાનજી છે**, તે રઘુનંદનને હું વંદન કરૂં છું. ॥ ૩૧ ॥

लोकाभिरामं रणरङ्गधीरं राजीवनेत्रं रघुवंशनाथम् ॥
कारुण्यरूपं करुणाकरं तं श्रीरामचन्द्रं शरणं प्रपद्ये ।३२।

લોકોને આનંદ આપનાર, રણસંગ્રામમાં ધીર, કમળ-

૧ આવી વૃત્તિ ચિત્તની રહે ત્યારે જ અન્યાશ્રય ન થાય.

કમળ નેત્ર, રઘુવંશના નાયક, દયાની મૂર્તિ, કરુણાળુ, તે **શ્રી રામચંદ્ર**નો હું આશ્રય લઉં છું. ॥ ૩૨ ॥

मनोजवं मारुततुल्यवेगं जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ॥
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणं प्रपद्ये ॥३३॥

મનના જેવા વેગવાળા, વાયુ જેવી ગતિવાળા, ઇંદ્રિયોને જીતનાર, બુદ્ધિમાન્ પુરુષોમાં વખણાયલા, વાયુના પુત્ર, વાનરસેનાના અધિપતિ, એવા **શ્રી રામચંદ્ર**જીના દૂત[1] (શ્રી હનુમાનજી) ને હું શરણે જાઉં છું. ॥ ૩૩ ॥

कूजन्तं रामरामेति मधुरं मधुराक्षरम् ॥
आरुह्य कविताशाखां वन्दे वाल्मीकिकोकिलम् ॥ ३४ ॥

કાવ્યરૂપી કલ્પવૃક્ષની શાખા ઉપર બેસીને મનોહર મધુર "શ્રી રામ! શ્રી રામ!" એવી રીતે ઉચ્ચાર કરતા **વાલ્મીકિ** ઋષિરૂપ કોયલને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૪ ॥

आपदामपहर्तारं दातारं सर्वसम्पदाम् ॥
लोकाभिरामं श्रीरामं भूयो भूयो नमाम्यहम् ॥ ३५ ॥

આપદાઓને હરનારા, સર્વ સંપત્તિઓને દેનારા, લોકોને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને હું વારંવાર પ્રણામ કરૂં છું ૩૫

૧ દૂતદ્વારા મેલાપ થાય છે. મતલબ કે ભક્તના સત્સંગથીજ ભગવાનનો મેલાપ થાય છે.

भर्जनं भवबीजानां मार्जनं सुखसम्पदाम् ॥
तर्जनं यमदूतानां रामरामेति गर्जनम् ॥ ३६ ॥

ભવ (સંસાર) ના બીજને બાળનાર (જન્મમરણના કારણનો નાશ કરનાર), સુખ અને સંપત્તિયોને શુદ્ધ કરનાર, યમના દૂતોને તરછોડનાર, " શ્રી રામ ! **શ્રીરામચંદ્ર** " એ ગર્જના છે. ॥ ૩૬ ॥

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोस्म्यहं
रामे चित्तलयःसदा भवतु मे भो राम मामुद्धर ॥३७॥

રાજાઓમાં ચુડામણિ **શ્રી રામ** નિરંતર જય પામે છે, રમા (સીતા) પતિ **શ્રી રામને** હું ભજું છું. જે **રામે** રાક્ષસોની સેનાનો સંહાર કર્યો છે, તે **રામને** હું નમું છું. **શ્રી રામથી** પરતર (ઉત્તમોત્તમ) બીજી ગતિ નથી, **રામનો** હું દાસ છું. **રામમાં** સદા મારા ચિત્તનો લય થજો, **હે રામ !** મારો ઉદ્ધાર કરો.* ॥ ૩૭ ॥

राम रामेति रामेति रमे रामे मनोरमे ॥
सहस्रनाम तत्तुल्यं रामनाम वरानने ॥ ३८ ॥

* આ શ્લોકમાં આઠે કારક (વિભક્તિયો) રામનામને લાગુ પાડી છે

રામ! રામ! રામ! એમ વારંવાર જપતાં, મારૂં મન મનોહર રામમાં રમે છે. હે વરાનને! (સુમુખી પાર્વતી!) એક રામ નામ બીજાં હજાર નામની સમાન છે. અથવા વિષ્ણુ સહસ્ર નામના જપની તુલ્ય એક **રામ**નામનું ફળછે. ૩૮

इति श्रीबुधकौशिकविरचितं श्रीरामरक्षास्तोत्रंसम्पूर्णम् ॥

॥ श्रीसीतारामचन्द्रार्पणमतु ॥

આ શ્રી પંડિત કૌશિક (વિશ્વામિત્ર) મુનિવિરચિત

શ્રી રામરક્ષા સ્તોત્ર સંપૂર્ણ.

(શાર્દૂલવીક્રીડીત)

જેને માનવ દેવ દાનવ બધા, સેવે સદા પ્રેમથી,
પામે પામર દામ ધામ ભજતા, નિત્યે નમી નેમથી;
છે આરામ વિરામ ઠામ જગમાં, વિશ્રામનું ધામ તે,
નક્કી કામ તમામ પુરણ કરે, શ્રીરામનું નામ તે.

॥ अथ श्री नर्मदाष्टक प्रारंभ ॥

सबिंदु सिंधु सुस्खलत्तरंगभंगरंजितं द्विपत्सुपाप जात जातकारिवारिसंयुतं ॥ कृतांतदूतकालभूतभीतिहारिवर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ १ ॥

त्वदंबुलीनदीनमीनदिव्यसंप्रदायकं कलौमलौघ भारहारि सर्व तीर्थनायकं ॥ सुमच्छकच्छनक्रचक्रचक्रवाक शर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ २ ॥

महागभीरनीरपूरपापधूतभूतलं ध्वनत्समस्तपातकारिदा-
रितापदाचलं ॥ जगल्लये महाभये मृकंडसूनुहर्म्यदे त्वदीय० ॥३॥
गतं तदैव मे भयं त्वदंबु वीक्षितं यदा मृकंडसूनुशौनका-
सुरारिसेवि सर्वदा ॥ पुनर्भवाब्धिजन्मजं भवाब्धि दुःखवर्मदे
त्वदीयपादपंकजंनमामिदेवि नर्मदे ॥ ४ ॥
अलक्षलक्षकीन्नरानरा सुरारि पूजितं सुलक्षनीरतीरधीर-
पक्षिलक्षकूजितं ॥ वशिष्टशिष्टपिप्पलादि कर्दमादि शर्मदे
त्वदीयपादपंकजंनमामिदेवि नर्म ॥ ५ ॥
सनत्कुमारनाचिकेतकस्यपात्रिपट्पदै धृतंस्वकीयमानसे
षुनारदादिपट्पदैः ॥ रवींदुरंतिदेवदेवराजकर्मशर्मदे त्वदीय॥६॥
अलक्षलक्षलक्षपापलक्षसारसायुधं तटस्थजीवजंतुतंतुभु-
क्तिमुक्तिदायकं ॥ विरंचिविष्णुशंकरस्वकीयधामवर्मदे त्व-
दीयपादपंकजंनमामिदेवि नर्मदे ॥ ७ ॥
अहोमृतंस्वनं श्रुतंमहेशकेशजातटे किरातसूतवाडवेषुपंडिते-
शठेनटे ॥ दुरंतपापतापहारिसर्वजंतुशर्मदे त्वदीय० ॥ ८ ॥
इदंतुनर्मदाष्टकंत्रिकालमेवयेसदा पठंतितेनिरंतरंनयांतिदुर्ग-
तिंकदा ॥ सुलभ्यदेहदुर्लभंमहेशधामगौरवं पुनर्भवान्नरानवैवि-
लोकयंतिरौरवं० ॥ ९ ॥

इतिश्रीनर्मदाऽष्टकं संपूर्णम् ॥

વૈષ્ણવોપયોગી પુસ્તકો.

કીમત :

૧ **શ્રીરામસ્તવરાજ** મૂળ શ્લોક અને શુદ્ધ બ્રજભાષા ટીકા બાર માસકી પાઠ વીધિ સહીત મુંબઈની છાપ ૦)

૨ **શ્રી રામ બારાખડી** તુલશીદાસકૃત અને શ્રી રામમંગળ. ૦)

૩ **ધ્યાન મંજરી** અગ્રદાસજી કૃત (રહસ્ય ગ્રંથ) શ્રી રામચંદ્રજીનું ધ્યાન આઠ પહોરનું છંદ કવીતમાં. ૦)

૪ **શ્રી નારદ ગીતા** મુળ શ્લોક અને બ્રજભાષા ટીકા. ૦)

૫ **શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ** શ્લોક અને શુદ્ધ ગુજરાતી ટીકા ૦)

૬ **શ્રી રામાનંદ જન્મોત્સવ** મુળ શ્લોક અને ભાષા ટીકા. ૦।

૭ **શ્રી રામતાપની** ઉપનિષદ્ મુળ શ્લોક અને ભાષા ટીકા તથા શેષ ઉપનિષદ્ અને **શ્રી રામ** ઉપ**ની**શદ્ સટીક ૧)

૮ ડાકોર **માહાત્મ્ય** મુળ શ્લોક અને ભાષા ટીકા છુટાં પાનાં. ૧)

૯ ગરૂડ પુરાણ શ્લોક અને શુદ્ધ ગુજરાતી ટીકા છુટાં પાનાં. ૧)

૧૦ **ભજન રત્નાવલી મોટી** આવૃતી છઠ્ઠી બાર માસનાં તથા સાત વારનાં નીત્ય કીરતન સંપ્રદાય સાધુને ઉપયોગી. ૧।।

૧૧ **પંચ મુખિ અને** એક મુખિ હનુમાન કવચ. ૦)ા।

૧૨ **સત્યનારાયણની પુજા** તથા કથા મુળ શ્લોક અને શુદ્ધ ગુજરાતી ટીકા છુટાં પાનાં મુંબઈ છાપ ઉત્તમ ગ્લેજ કાગળ. ૦)≋

૧૩ **નારાયણકવચ** અને ગંગાષ્ટક ગુજરાતી ટીકા. ૦)ાા

૧૪ શ્રી **રણછોડજીની અરજી** તથા ભક્તિ પોષણ. ૦)~

સર્વે પ્રકારનાં પુસ્તકો મળવાનું ઠેકાણું.

બાવા રામદાસજી ગુરૂશ્રીગોકુળદાસજી.

(રણુહર પુસ્તકાલય) ડાકોર.